# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

**Accredited by NAAC with "B" Grade (CGPA 2.21)**

પો.બો.નં.-૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

<u>પરિપત્ર નં.-૦૫ /૨૦૨૬</u>

વિષય: રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ હેઠળના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો અંગેની માર્ગદર્શિકા.
સંદર્ભ: અત્રેના પરિપત્ર નં.- ૨૦૮/૨૦૨૪, તા: ૧૯/૦૯/૨૦૨૪

આથી આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, રાજ્ય સરકારશ્રી દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ હેઠળના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો શૈ.વર્ષ:૨૦૨૩-૨૪થી ક્રમશ અમલમાં મુકેલ છે, જેથી આપ સુવિદિત છો. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ હેઠળના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના મેજર/માઈનોરના નીતિ નિયમો, મલ્ટીપલ એન્ટ્રી એક્ઝિટના નીતિ નિયમો, OJT, ઇન્ટર્નશિપ, બ્રીજ કોર્સ, સર્ટિફિકેટ કોર્સ, ડિપ્લોમાં ડિપ્લોમાં ડીગ્રી, ઓનર્સ ડિગ્રી (રિસર્ચ સાથે અને રિસર્ચ વિના) અંગેની માર્ગદર્શિકા સંદર્ભ દર્શિત પરિપત્રથી પરિપત્રિત કરેલ છે. જેના <u>મુદ્દા નં.-૩.૪</u> માં નીચે મુજબના સુધારાની ભલામણ માન.કુલપતિશ્રીએ આ યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની મંજૂરીની અપેક્ષાએ સ્વીકારી અમલમાં મુકવા આદેશ કરેલ છે. જેનો ચુસ્તપણે અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

૩.૪ આ બંને સેમેસ્ટરમાં વિદ્યાર્થી ઈચ્છે તો **OJT (ON JOB TRANING)** ના બદલામાં વધારાના મેજર કોર્સ ભણી શકશે. તે અન્વયે સેમેસ્ટર- ૦૭ માં વધારાનો ૪ ક્રેડીટના ૨ મેજર કોર્સ અને સેમેસ્ટર- ૦૮ માં વધારાનો ૪ ક્રેડીટનો ૧ મેજર કોર્સ એમ કુલ ૩ કોર્સ (બંને સેમેસ્ટર) ના **OJT (ON JOB TRANING)** ના બદલામાં લઇ શકશે.

માન. કુલપતિશ્રીની ફાઈલ પર મળેલ મંજુરી અનુસાર,

(ડૉ.આર.એન.દેસાઈ)
કુલસચિવ

નં.એકે/સ.મં-૨/અXસ/૭૨૫૨/૨૦૨૬
તા.૨૨/૦૧/૨૦૨૬

<u>નકલ રવાના</u> : જાણ તથા ઘટતી કાર્યવાહી સારૂ.

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ.
૨. ડીનશ્રી (વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, રૂરલ સ્ટડીઝ, મેનેજમેન્ટ અને હોમ સાયન્સ વિદ્યાશાખા, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી,પાટણ)
૩. કો-ઓર્ડિનેટરશ્રી, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ- ૨૦૨૦, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ.
૪. સિસ્ટમ એનાલીસ્ટશ્રી, કોમ્પ્યુટર (રીઝલ્ટ સેન્ટર) હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ.
૫. મહેકમ શાખા, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ. (૨ નકલ)
૬. સિલેક્ટ ફાઈલે.